જન્મદિને વધામણી

તાહિર પરમાર
ગાંધીનગર યુથ કોંગ્રેસ
મહામંત્રી
મો. ૯૯૨૪૨ ૬૩૬૮૯

રમેશભાઈ ઠક્કર
સાહિત્યકાર
મો. : ૯૮૭૯૫૨૪૬૪૩

સાગર દેસાઈ
સિંગર, એક્ટર
મો. ૮૪૬૦૪ ૭૬૦૯૦

પ્રવીણસિંહ પી વાઘેલા
મો. ૯૯૦૯૧ ૫૯૦૦૦૫

માધવી દિલીપ ગણાત્રા
મો. ૯૪૨૮૬ ૯૬૫૬૩

જીવણભાઈ એલ. પરમાર
ફોન : ૨૩૨૪૫૩૪૦

રૂદ્ર રવી પટેલ

શાહ ડિંકલ
વિનોદકુમાર

ગુજરાત સ્થાપના દિવસની બીબીએ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા ઉજવણી

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર સ્થિત કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કૉલેજઓફ બીજનેસ ઍડમીનીસ્ટ્રેશન(બીબીએ) ના વિદ્યાર્થીઓ દ્વારા વેકેશન દરમ્યાન ગુજરાત રાજ્ય ના સ્થાપના દિવસ ની ઉજવણી કરી હતી. જેમાં કોલેજ ના આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ પ્લેસમેંટ અને ટ્રેનિંગ કમિટિ નાં હેડ ડો.જયેશ તન્ના સહીત કોલેજ ના અધ્યાપક ગણ ઉપસ્થિત રહ્યા હતા. આચાર્યશ્રી એ વિદ્યાર્થીઓ ને તેમના પ્રેરક ઉદબોધન માં ગુજરાત એક સફળ અર્થતંત્ર કેમ બની શક્યું છે. તેના પર વિશેષ ભાર મુક્યો હતો. તેમજ ગુજરાત ના આર્થિક વિકાસ દર ની અન્ય રાજ્યો સાથે સરખામણી અને ગુજરાત ના અનેક હકારાત્મક પાસાઓની છણાવટ કરી હતી.તેમજ વિદ્યાર્થીઓ ને પણ આ વિકસિત રાજ્યની ઉત્તરોતર પ્રગતિની યાત્રામાં ઉત્સાહપૂર્વક જોડવા ઈજન આપ્યું હતું. અને વ્યક્તિગત વિકાસ માં પણ એટલી ઉંચાઈ મેળવો કે રાજ્ય ના ગૌરવ માં વધારો થાય.ઉપાચાર્ય ડો.જયેશ તન્ના દ્વારા વિદ્યાર્થીઓ ને ગુજરાતી વિશ્વમાં જ્યાં પણ હોય બેસ્ટ મેનેજમેન્ટ કરી શકેછે.તેની વિસ્તૃત માહિતી આપી હતી.ગુજરાતી ઉધોગ સાહસિક તરીકે દુનિયામાં પોતાની નામના ધરાવે છે. એવી રીતે વિદ્યાર્થીઓને મેનેજમેન્ટ ના પાઠ ભણી ગુજરાત માટે કાર્યરત રહી હંમેશા સફળતા તરફ અગ્રેસર રહેવા જણાવ્યું હતું. ડો.નીરવ જોશી દ્વારા રાજ્ય ના સ્થાપના સમય ના વિવિધ પ્રસંગો વિદ્યાર્થીઓ ને રસપ્રદ રીતે જણાવવા માં આવ્યા હતા.ધર્મેન્દ્ર રાઠોડ દ્વારા સમગ્ર કાર્યક્રમ નું સંચાલન કરતા કરતા ગુજરાત ના સ્થાપના થી લઈ સાંપ્રત સમય સુધી ની આર્થિક તેમજ રાજકીય સફર બાબતે રસપ્રદ છણાવટ કરી હતી. પ્રો.મેથ્યુ જોહન તેમજ પ્રો.નિવેદિતા રાવલ પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. અને પ્રસંગોચિત ઉદબોધન કર્યું હતું.

વિદ્યાર્થીઓ એ આજ ના દિવસે ગુજરાત ની સ્થાપના માટે બલિદાન આપનાર નામી અનામી સૌ પ્રત્યે કૃતજ્ઞતા નો ભાવ વ્યક્ત કર્યો હતો. અને ગાંધીજી, સરદાર સાહેબ, રવિશંકર મહારાજ, ઈન્દુલાલ યાજ્ઞિક સહીત વિવિધ ક્ષેત્ર ના બેસ્ટ ગુજરાતીઓ ને યાદ કર્યા હતા. વિદ્યાર્થીઓ ને આજના દિવસે મહારાષ્ટ્ર રાજ્ય ના સ્થાપના દિવસ તેમજ વિશ્વ શ્રમ દિવસ બાબતે પણ માર્ગદર્શન આપવા માં આવ્યું હતું. કોલેજ દ્વારા અભ્યાસ ની સાથે સાથે રાજ્ય તેમજ રાષ્ટ્ર પ્રત્યે તમામ નાગરિકો ની ફરજ માટે વિદ્યાર્થીઓ માં જાગૃતિ લાવતા કાર્યક્રમો અવાર નવાર યોજવા બદલ આંનદ ની લાગણી વ્યક્ત કરી હતી.

સમગ્ર કાર્યક્રમ કોલેજ ના આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિ તેમજ ડો.જયેશ તન્ના ના માર્ગદર્શન હેઠળ ધર્મેન્દ્ર રાઠોડ દ્વારા સફળતા પૂર્વક સંપન્ન કરવા માં આવ્યો હતો.

આઈઆઈટી પાલજ ખાતે યોજાયો એજ્યુકેશન ટુ આંત્રપ્રિન્યોરશિપ વર્કશોપ

ગાંધીનગર, તા. ૧

તાલિમ-ઓ તરબિયત અને ટાઈ, અમદાવાદના સહયોગથી ગાંધીનગરમાં આઈઆઈટી ખાતે યોજાયેલ 'એજ્યુકેશન ટુ આંત્રપ્રિન્યોરશિપ' વર્કશોપમાં બિઝનેસના આઈડીયાનું વાસ્તવિકતામાં રૂપાંતર કરવાના ઉદ્દેશથી મૌલાના આઝાદ ઉર્દૂ યુનિવર્સિટીના ચાન્સેલર શ્રી ઝફર સરેશવાલાના અધ્યક્ષપદે આઈઆઈટી ગાંધીનગર ખાતે એકત્ર થયેલ જંગી યુવા સમુદાયને નેશનલ સ્ટોક એક્સચેન્જ, સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, ટાઈ તથા ઉદ્યોગસાહસિકતાની દુનિયાના તેમજ રાજકિય અગ્રણીઓએ સંબોધન કર્યું હતું અને પોતાનુ એકમ સ્થાપવામાં તથા તેને સફળ થવાની પ્રેરણા આપી સફળતા માટેનાં વિવિધ પરિબળોની વિગતે ચર્ચા કરી હતી.

સમારંભનુ સ્વાગત પ્રચન આપતાં શ્રી સરેશવાલાએ કહ્યું કે 'પ્રગતિ માટે બે બાબતો મહત્વની છે. એક તે તમારે જે કાંઈ કરવાનુ છે તે તેમેન નિષ્ઠાથી કરો અને બીજુ અન્ય એ જે કરવાનું છે તે (ધિરાણ મંજૂરીઓ વગેરે) કરાવવા માટે ઝઝૂમતા રહો. હું પણ આ કરી શકું છું તેવુ સપનુ જોનાર અને તેને અકબંધ રાખવાનો વિશ્વાસ તમને ઘણા આગળ લઈ જઈ શકે છે. અગાઉ કરતાં પરિસ્થિતિ સરળ બની છે, ધિરાણની ઉપલબ્ધી વધી છે. આજે તમે સોશ્યલ મિડીયા દ્વારા વિનામૂલ્યે પ્રચાર પણ કરી શકો છો. સાહસિક વ્યક્તિ નોકરી શોધતો રહે તેના બદલે નોકરી આપનાર બને તે ઘણી સારી બાબત છે.'

ભારતિય જનતા પક્ષના રાષ્ટ્રિય પ્રવકતા શ્રી સંબિત પાત્રાએ કહ્યું કે ''ન્યૂ ઈન્ડિયાની રચનામાં યુવા સમુદાય તેના ડેમોગ્રાફિક ડિવિડન્ડ મારફતે ઘણી મોટી ભૂમિકા બજાવી શકે તેમ છે. સંબિત પાત્રાએ વધુમાં જણાવ્યું કે નોલેજ અને ઈનોવેશનનો સમન્વય કરીને તથા સરકારી યોજનાઓનો યોગ્ય લાભ લઈ ઉદ્યોગસાહસિકતાઓની રાહ આસાન બનાવવા યુવાનોને અનુરોધ કર્યો હતો.''

આઈઆઈટી ગાંધીનગરના ડિરેકટર ડો. સુધિર જૈને કહ્યું કે 'સાહસિક વ્યકિતનુ સપનુ અને આયોજન ઘણે ઉંચે સુધી પહોંચવાનું હોવુ જોઈએ તમારામાંથી થોડાક લોકો પણ અમારી સંસ્થા સુધી તાલિમ માટે પહોંચશે તો મને ઘણો જ આનંદ થશે. ઉદ્યોગ સાહસિક માટે ઈમાનદારી , સંસ્કાર અને અભિગમ ખૂબ જ મહત્વનો બની રહે છે. આ ઉપરાંત યોગ્ય સમયે લીધેલો નિર્ણય પણ ખૂબ જ મહત્વનો બની રહેતો હોય છે.×

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના મેનેજીંગ ડિરેકટર શ્રી પ્રવિણ કુમાર ગુપ્તાએ કહ્યું કે 'દેશમાં એમએસએમઈ રોજગાર આપનાર સૌથી મોટુ ક્ષેત્ર છે તેની ૨૨,૦૦૦ શાખાઓ દ્વારા ૨ લાખ કરોડથી વધુ રકમનું ધિરાણ આપવામાં આવ્યું છે. ઉદ્યોગસાહસિકોને રૂ. ૧૦ લાખ સુધીનું ધિરાણ કો-લેટરલ ગેરંટી સિવાય મળી શકતુ હોય છે. અમારી સંસ્થા પણ તેનાં ૧૫૧ કેન્દ્રો દ્વારા ઉદ્યોગસાહસિકતાની તાલિમ આપે છે. ઉદ્યોગસાહસિક બનવા માટે ક્ષમતા અને મોટીવેશન ઉપરાંત એટીટ્યુડ ખૂબ જ મહત્વનો બની રહે છે.

નેશનલ સ્ટોક એક્સચેન્જના ચેરમેન એને મેનેજીંગ ડિરેકટર શ્રી વિક્રમ લિમયેએ કહ્યું કે 'એક સર્વેક્ષણ મુજબ ૮૩ ટકા લોકો કોઈ પણ સમયે પોતાનુ એકમ સ્થાપવા માટે પ્રયત્નશીલ રહેતા હોય છે. પરંતુ ધગશથી ધ્યેયને વળગી રહેનાર સફળ થતા હોય છે.'

ગાંધીનગરના હિના દિલીપભાઈ ત્રિવેદીએ નડિયાદ ખાતે યોજાયેલ સેરેબલ પાલ્સીના રમતવીરો માટે રાષ્ટ્રીય રમતોત્સવમાં ૧૦૦ મીટર દોડ અને ગોળાફેંકમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી સુવર્ણચંદ્રક મેળવ્યો છે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.જી. અંગ્રેજી માધ્યમ શાળા, સેકટર-૨૩ ધો-૮ઈમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની ફલોરા નિલયકુમાર એન્જીનીયરે ગાંધીનગર ડિસ્ટ્રીબ્કટ બેજમિન્ટન અસોસિએશનના નેજા હેઠળ આલોકા સ્પોર્ટ્સ એકેડમી, લવારપુર ખાતે યોજયેલ આલોકા બેડમિન્ટન ચેમ્પિયનશીપ સમર - ૨૦૧૮ (ઓપન ગુજરાત)માં અંડર-૧૩ ગર્લ્સ સિંગલમાં પ્રથમ સ્થાન સાથે ટ્રોફી, પ્રમાણપત્ર અને રૂા. ૫૦૦૦ રોકડ ઈનામ પ્રાપ્ત કરેલ છે. તેની આ સિદ્ધિ બદલ સમગ્ર શાળા પરિવાર વતી આચાર્યા મીલી સિંઘે અભિનંદન અને ઉત્તરોત્તર પ્રગતિ માટે શુભેચ્છાઓ પાઠવેલ છે.

૩૧મે બાદ સ્વીકૃત થનારી નવી મેડિકલ કૉલેજોને આ વર્ષે એડમિશન માટે પરવાનગી નહિ મળે

ગાંધીનગર, તા.૧

મેડિકલ કોલેજો ઉપર સિકંજો કસતાં મેડિકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયા (એમસીઆઈ)એ નિર્ણય કર્યો છે કે ૩૧ મે ૨૦૧૮ બાદ સ્વીકૃત થનારી નવી મેડિકલ કોલેજોને આ વર્ષે એડમિશન લેવાની પરવાનગી આપવામાં નહીં આવે. કાઉન્સીલે એડમિશન પ્રક્રિયાને ફાસ્ટ ટ્રેક કરવા માટેના અનેક ઉપાયોની પણ જાહેરાત કરી હતી.

એમસીઆઈએ મેડિકલ કોલેજોને કહ્યું કે તેઓ મંજૂરી લેવાની પ્રક્રિયાને કોઈ પણ સંજોગોમાં ૩૧ મે પહેલાં પૂરી કરી લે કેમ કે આ તારીખ સુધી જે કોલેજોનું લાયસન્સ રિન્યુ નહીં થયું હોય અથવા નવી કોલેજોના મામલામાં સ્વીકૃતિપત્ર નહીં મળ્યું હોય તેમને આ વર્ષે એમબીબીએસમાં એડમિશન લેવાની અનુમતિ આપવામાં નહીં આવે.

એમસીઆઈએ સ્પષ્ટ કર્યું છે કે કોઈ પણ સ્થિતિમાં ૩૧ ઓગસ્ટ બાદ એડમિશન નહીં આપવામાં આવે. કોલેજોને જારી એડવાઈઝરીમાં કહેવાયું છે કે તેઓ ઈચ્છે તો ઓગસ્ટમાં શનિવાર, રવિવાર અથવા રજાના દિવસોમાં એડમિશનની પ્રક્રિયા યથાવત રાખી શકે છે.

એમસીઆઈએ વધુમાં ઉમેર્યું કે કેન્દ્રના ક્વોટાની ૧૫ ટકા સીટ પર એડમિશન પ્રક્રિયા ૨૨ જૂલાઈ સુધીમાં પૂરી કરી લેવી પડશે. ત્યારબાદ જો સીટ ખાલી રહી જશે તો તે આપોઆપ રાજ્યના ક્વોટામાં પરિવર્તિત થઈ જશે.

વિનમ્રતા : સંબંધોના દ્વાર આપોઆપ ખૂલી જાય છે





ભારતીય સિનેમા ઉદ્યોગના વિખ્યાત અભિનેતા રિતિક રોશન હોલિવૂડ ફિલ્મ ઉદ્યોગના એક મહાન અભિનેતાના પ્રશંશક હતા. હોલિવૂડના નિર્માતા, દિગ્દર્શક અને દિગ્ગજ અભિનેતા જેમને ગોડ ફાધર-II (૧૯૭૪) અને રેગિંગ બૂલ (૧૯૮૦) માટે એમ બે વાર ઓસ્કાર ઍવોર્ડ મળ્યો હતો એ અભિનેતાનું નામ હતું રોબર્ટ ડી નીરો.

સન. ૨૦૦૯ માં દુબઈ ખાતે એક ફિલ્મ સમારોહનું ભવ્ય આયોજન થયું હતું. એ સમારોહમાં રિતિક રોશનને ઉપસ્થિત રહેવા માટે નિમંત્રણ મળ્યું હતું. રિતિક રોશને એ નિમંત્રણ સહર્ષ સ્વીકાર્યું તેના કેટલાક કારણો હતા. એ કારણોમાનું એક મહત્વનુ કારણ હતું કે એ સમારોહમાં પોતે જે અભિનેતાના બચપણથી જ પ્રશંશક હતા એવા પોતાના પ્રિય અભિનેતા રોબર્ટ ડી નીરો પણ ઉપસ્થિત રહેવાના હતા. રિતિકે વિચાર્યુ કે ચાલો, એ બહાને રોબર્ટ ડી નીરોને મળવાનું થશે અને થોડી ક્ષણો માટે પણ તેમની સાથે રહેવાની તક પણ મળશે.

વિશ્વભરમાંથી આવેલી ફિલ્મ હસ્તીઓ, ચાહકો અને આયોજકો દુબઈ ખાતે સમારોહ અને પાર્ટીનો આનંદ લૂટી રહ્યા હતા. રિતિક રોશન અને રોબર્ટ નીરો પણ એ પાર્ટીમાં ઉપસ્થિત હતા અને બંને પોતપોતાની રીતે આનંદ માણી રહ્યા હતા. રિતિક રોશન એક તક જોઈને રોબર્ટ નીરોની પાસે મળવા માટે ગયા. રિતિક પોતાની ઓળખાણ આપે એ પહેલા જ રોબર્ટ નીરોએ રિતિકને કોઈ જુદી જ વ્યકિત સમજીને તેમને પોતાના માટે કોઈ એક ડ્રીંક બનાવીને લાવવા માટે સૂચના આપી. રોબર્ટ નીરોનો વ્યવહાર જોઈને એક ક્ષણ માટે તો રિતિક અવાચક થઈ ગયા.

બીજી જ ક્ષણે રિતિકે પોતાની જાતને સાચવી લીધી. પોતે સ્વસ્થ થયા અને રોબર્ટ નીરોની સૂચના પ્રમાણે વેઈટરની મદદથી નીરોની પસંદગીનું ડ્રીંક તૈયાર કરાવ્યુ. એ ડ્રીંક લઈને રિતિક પોતે રોબર્ટને પીરસવા માટે ગયા અને વિનમ્રતાથી તેમણે ડ્રીંક આપ્યું.

રોબર્ટ નીરોએ રિતિકને ડ્રીંકની સૂચના આપી અને રિતિક ડ્રીંક તૈયાર કરીની લાવ્યા એ સમય દરમિયાન કોઈ વ્યકિતને રોબર્ટને રિતિકની સાચી ઓળખાણ આપી દીધી હતી કે તે પણ ભારતીય ફીલ્મોના એક મહાન સિતારા છે અને કરોડો લોકોના હૈયામાં તે એક સફળ અભિનેતા તરીકે રાજ કરે છે. જે અભિનેતાના કરોડો લોકો પ્રશંશક હોય એ વ્યકિત પોતાની સૂચના પ્રમાણે ડ્રીંક તૈયાર કરીને પોતાને પીરસી રહ્યા છે એ જોઈને રોબર્ટ નીરોનું માથું શરમથી ઝૂકી ગયું. ભારતીય ફિલ્મ સિતારાની વિનમ્રતા જોઈને રોબર્ટ નીરો ગદગદ થઈ ગયા. ત્યાર પછી તો બનની પેટ ભરીને વાતો કરી, પાર્ટીનો આનંદ સાથે માણ્યો અને બંનેના સંબંધો કાયમી અને ગાઢ બની ગયા.

રોબર્ટ નીરો વિશ્વભરના કરોડો પ્રશાંશકોને હૃદયમાં વસેલા હોનહાર સિતારા હતા તો રિતિક રોશન પણ તેનાથી કઈ ઓછા ઉતરે એમ નહોતા. રિતિકે જો વિચાર્યું હોત કે રોબર્ટે મને ડ્રીંક લાવવા માટે સૂચના શા માટે આપી અને એવું માનીને પોતાના અહમને આગળ ધર્યો હોત તો કદાચ રોબર્ટને પોતાની ભૂલ નો અહેસાસ પણ ના થયો હોત, રિતિકની વિનમ્રતાની છાપ રોબર્ટના મન ના ઊભી ના થઈ શકી હોત અને સૌથી મહત્વની વાત કે બંને વચ્ચેના સંબંધો વિકસી ના શક્યા હોત. બની વચ્ચેના વર્તનમાં જો કઈપણ કામ કરી ગયું હોય તો એ રિતિક રોશનની વિનમ્રતા અને રોબર્ટ નીરોનો પોતાની ભૂલ સ્વીકારવાનો વિવેક. આ બંનેના વિવેક થકી એ બે

આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
vamlani2000@yahoo.co.uk

વચ્ચેના સંબંધો આપોઆપ વિકાસ પામ્યા.

શ્રી ભગવદ ગીતાના તેરમાં આધ્યાયના આઠ થી બારમાં શ્લોકમાં જ્ઞાનનું પૃથ્થકરણ કરવામાં આવ્યું છે. એ શ્લોકોમાં વ્યકિતના વિવિધ પ્રકારના ભાવની ચર્ચા કરી છે અને કહ્યું છે કે આ ભાવ એ જ જ્ઞાન છે અને એ સિવાયનું જે કોઈ હોય એ અજ્ઞાન છે. આઠમાં શ્લોકમાં 'અમાનિત્વ'' એટલે કે વિનમ્રતા. આ શ્લોકમાં વિનમ્રતાનું પણ એક ભાવ તરીકે વર્ણન કર્યું છે. વિદ્વાનોએ આ શબ્દનું અર્થઘટન કરતાં કહ્યું છે કે મનુષ્યને અન્ય દ્વારા સન્માન પામવાની ઈચ્છા રાખવી ના જોઈએ. આપણે દેહાત્મબુધ્ધિના કારણે બીજાઓ પાસેથી સન્માન પામવા આતુર રહીએ છીએ પરંતુ જ્ઞાન પામેલી વ્યકિતની દષ્ટિએ શરીર સંબંધી માન કે અપમાન બધુ નિરર્થક હોય છે કારણ કે તે જાણતો હોય છે કે પોતે આ શરીર નથી. મનુષ્યએ આ દુન્યવી પ્રપંચ પાછળ વલખા ના મારવા જોઈએ.

વ્યકિત ઘણીવાર એવું વિચારતી હોય છે કે મારી પાસે જ્ઞાન છે, મારી પાસે શિક્ષણ છે, મારી પાસે સતા છે, મારી પાસે પૈસો છે, મારી પાસે નામ છે, અને મારી સરખામણીએ જે વ્યકિત પાસે ઓછું છે તેની સાથે મારે વિનમ્ર શા માટે બનવું? વિનમ્રતા દેખાડી ને મારે મારી જાતને નીચી શ માટે દેખાડવી? સંબંધોની ગરજ મારે નથી તો વિનમ્રતા દેખાડી મારે જ પહેલ શા માટે કરવી? વાસ્તવમાં આ પ્રકારની માન્યતા બાંધીને આપણે આપણાં વ્યવહાર અને વર્તન કરતાં હોઈએ તો આપણી એ માન્યતા ખોટી છે. આપણી પાસે જે કઈ હોય કે આપણે પોતે જે કઈ હોઈએ તેને આપણી વિનમ્રતા સાથે કઈ જ લેવા દેવા નથી. વિનમ્રતા આપણું આંતરિક ઘરેણું છે. આપણાં જીવનનું મૂલ્ય છે, એક સંસ્કાર છે. ઊલટાનું વ્યકિત પાસે જેમ જેમ સાધન-સંપતિ, નામ-શાન વધે એમ વધારે વિનમ્ર થવું જોઈએ.

વિનમ્ર વર્તનથી વ્યકિતએ પોતે કશું જ ગુમાવવાનું નથી. તેના માટે કોઈ જ ખર્ચ પણ નથી કરવાનો કે વધારે મહેનત પણ નથી કરવાની. વિનમ્ર બનવાથી મનને જે આનંદ મળે છે, જે સંતોષ મળે છે એ આનંદ કે સંતોષ અહમ કે અભિમાન રાખવાથી નથી મળતો.

વ્યકિત જયારે વિનમ્રતા દાખવે છે ત્યારે તેનો આત્મવિશ્વાસ છલકતો દેખાય છે. બીજા શબ્દોમાં કહીએ તો જે વ્યકિતની અંદર આત્મવિશ્વાસ છલોછલ ભરેલો હોય એ જ વ્યકિત નમ્રતા દાખવી શકે. નબળા મનની , આત્મવિશ્વાસ નો અભાવ હોય એવી વ્યકિત નમ્ર બનવાની હિમ્મત ના કરી શકે કારણ કે વિનમ્ર બનવા માટે સાહસ કરવું પડે.

વ્યવહાર અને વર્તનમાં વિનમ્રતા હોય છે ત્યાં સંબંધોના બધા જ બંધ દ્વાર ખૂલી જાય છે વિનમ્રતા હોય ત્યાં ડોરબેલ પણ વગાડવાની જરૂર નથી પડતી કારણ કે વિનમ્રતા સંબંધોમાં એક જાદુઈ ચિરાગ જેવુ, ''ખૂલજા સીમ સીમ'' જેવુ કામ કરી જાય છે.

આપણાં સંબંધોની વિનમ્રતારૂપ જાદુઈ પેટી આપણે પોતે જ ખોલવાની છે.